


DIAMOND TIMES
NEWS YOU CAN USE

# હીરા ઉદ્યોગમાં નવું જોમ લાવવા STPL લાવી રહ્યુ છે ક્રાંતિકારી સોઇંગ રોબોટ



**DIAMOND TIMES**–કોરોનાએ જીવન અને બિઝનેસને નવી નજરે જોવાની તક આપી છે. બિઝનેસમાં રોજબરોજ ની પ્રવૃત્તિઓને જુદી રીતે આગળ ધપાવવાની ક્ષમતા કેળવાઇ છે. એમ કહી શકીએ કે કોરોનાને કારણે નવા પ્રકારના પડકારોને પહોંચી વળવાની એક નવી જ ક્ષમતા વિકસી છે. એ પણ સાબિત થયુ છે કે અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાંથી પણ આપણે માર્ગ કાઢી શકીએ છીએ !

હીરા ઉદ્યોગની વાત કરીએ તો 1970-1980 થી અત્યાર સુધીમાં અનેક ચડાવ ઉતાર જોયા છે. એ સમયે હીરા મેન્યુઅલી જ કટ કરવામાં આવતા હતા. પરિણામે કાચા હીરામાંથી મળવી જોઇએ તેની તુલનાએ માંડ 25 ટકા જ ઉપજ મળતી હતી. એ પછી 1980-1989 ના ગાળામાં કર્ફિંગની સગવડ મળી,તેનાથી હીરા ઉદ્યોગને થોડી ઝડપ મળી,પણ પ્રોસેસ તો મેન્યુઅલ જ રહી હતી.

1996-97 માં સોઇંગ મશીન આવ્યાં અને હીરા ઉદ્યોગને મોટો વેગ મળ્યો કેમ કે તેનાથી હીરાનું ખાસ્સી ચોક્સાઈથી કટિંગ શક્ય બન્યું. પરંતુ હજી પણ આ કામ માનવ કુશળતા પર આધારિત હોવાથી હીરા ઉદ્યોગને જોઇતો નફો મળતો નહોતો.

## 2017 માં STPL એ ડાયમંડ પ્રોસેસિંગ માટે રોબોટ્સ લોંચ કરી હીરા ઉદ્યોગમાં ક્રાંતિ લાવી દીધી

ત્યાર પછી STPL કંપનીએ લેસર ટેકનોલોજી તથા અન્ય પ્રકારના ઓટોમેશન આધારિત સોલ્યુશન્સ વિકસાવતાં ભારત ના હીરા ઉદ્યોગને જાણે નવ જીવન મળ્યું.સમગ્ર ઉદ્યોગ ચેતનવંતો બન્યો અને આખા વિશ્વમાં ભારતનાં ડાયમંડ પ્રોસેસિંગ યુનિટ ઝળહળવા લાગ્યાં. લેસર ટેક્નોલોજીના કારણે હીરાના

પ્રોસેસિંગના દરેક તબક્કે ચોક્સાઇ અને ઝડપ વધ્યાં, પરિણામે પ્રોડક્શન અને નફો પણ વધ્યો.ભારતનો હીરા ઉધોગ રીતસર ધમધમવા લાગ્યો.

2017 માં STPL કંપનીએ ડાયમંડ પ્રોસેસિંગ માટે રોબોટ્સ લોન્ચ કરીને હીરા ઉધોગમાં રીતસર ક્રાંતિ લાવી દીધી. STPL સમગ્ર વિશ્વની એક માત્ર એવી કંપની છે જે ડાયમંડ પ્રોસેસિંગ માટે રોબોટ્સ ઓફર કરે છે.

રોબોટ પ્લાનર પછી ક્રાંતિકારી સોઇંગ રોબોટ પણ એ જ દિશાનું STPL નું વધુ એક મક્કમ પગલું : STPL ના સીઈઓ રાહુલ ગાયવાલા



સોઇંગ રોબોટ અંગે STP ના સીઈઓ રાહુલ ગાય વાલાએ ઉત્સાહીત થઈને પ્રતિભાવ આપતા કહ્યુ કે ટૂંક સમયમાં બિલકુલ અનોખા, અત્યંત આધુનિક ટેક્નોલોજી થી કામ કરતા, હીરા ઉધોગ માટેના પ્રથમ કહી શકાય એવા ક્રાંતિકારી સોઇંગ રોબોટ્સને લોંચ કરી રહ્યાં છીએ. આ નવી રજૂઆત હીરા ઉધોગને કારીગરના રોંગ કટિંગ અને ઊંચા પ્રોડકશન ખર્ચની ઝંઝટમાંથી છૂટકારો આપશે.

હીરા ઉધોગમાં કોરોના પછીના સમય ગાળામાં કુશળ કારીગરોની અનિશ્ચિતતા અને અછત વર્તાઇ રહી છે. હવે ના સમય માં ઓફિસમાં કે ફેક્ટરીમાં કારીગરો વચ્ચે સામાજિક અંતર જાળવવું મહત્ત્વનું છે. કુશળ કારીગરોની ઉપલબ્ધિ પણ લાંબા સમય માટે અનિશ્ચિત રહેવાની છે. નવા કારીગરો ને તાલીમ આપીને તૈયાર કરવાનું કામ બહુ ખર્ચાળ છે. હરીફાઇ વધી એટલે ડાયમંડ યુનિટ્સ એકબીજાના કુશળ કારીગરોને ઊંચા પગારે ખેંચી જાય છે.

બીજી તરફ ફરી ગતિશીલ બની રહેલા અર્થતંત્રને ધ્યાને લેતાં પ્રોડક્શન વધારવાની અને ગુણવત્તાની રીતે સ્પર્ધાત્મક રહેવાનું પણ નિર્ણાયક બનવાનું છે. આ બધા ઉપરાંત, કારીગરો પર આધારિત રહેવાને કારણે હીરાની ધારી ગુણવત્તા ન મળવાનો પ્રશ્ન તો ઊભો જ રહે છે. જ્યારે કાચા હીરાનું બહુ જટીલ રીતે સોઇંગ

અને અથવા 3D સોઇંગ કરવાનું હોય ત્યારે કુશળ કારીગરો પણ કાચા પડી શકે અને હીરાની ધારી ગુણવત્તા મળે નહીં.

હીરા ઉદ્યોગમાં આ બધી બાબતો કોરોના વાઇરસના પ્રસાર પહેલાં પણ મહત્ત્વપૂર્ણ હતી અને હવે તો ડિજિટલ ટેક્નોલોજી અને ઓટોમેશન અનિવાર્ય બનવા લાગ્યાં છે. STPL ના ડાયમંડ યુનિટ્સ સાથે નજીકથી કામ કરવાના વર્ષોના અનુભવમાં અમે જોયું છે કે ખાસ કરીને સોઇંગ સમયે કારીગરો દ્વારા થતી ભૂલ અને રોંગ કટિંગને કારણે પ્રોસેસિંગ યુનિટ્સ ને ઘણું નુકસાન વેઠવાનો વારો આવે છે.

આ આર્થિક નુકસાન ફક્ત એક હીરાના રોંગ કટિંગ પૂરતું સીમિત હોતું નથી. તેને કારણે સમગ્ર પ્રોડકશન ચેઇનમાં અસરો વર્તાય છે અને નંગ દિઠ પ્રોડકશનની કિંમત પણ ઊંચી જાય છે. જે ડાયમંડ યુનિટની વૈશ્વિક સ્પર્ધાત્મક્તાને વિપરિત અસર કરે છે.

### STPL કંપની દ્વારા નિર્મિત ટૂંક સમયમાં રજૂ થનાર સોઇંગ રોબો તમામ સમસ્યાઓનો આપશે સચોટ ઉકેલ

STPL કંપની દ્વારા નિર્મિત રોબોટના ઉપયોગથી ડાયમંડ પ્લાનિંગ પછી કટિંગ અને સોઇંગની પ્રોસેસમાં અસાધારણ ચોકસાઇ અને ઝડપ આવશે.તેમાં માનવ ભૂલની કોઈ શક્યતા જ નહી હોવાથી હાઇ કટિંગ એક્યુરસી મળશે અને રોંગ કટિંગનું પ્રમાણ નહિવત્ થઈ જશે.

સોઇંગ રોબોટ્સ પ્લાનર મશીનના પ્લાન મુજબનું એક્ઝેક્ટ કટિંગ કરે છે. એટલું જ નહીં, ડાયમંડ યુનિટ્સ પ્રોડકશન વધારવા માટે કારીગરો પર આધારિત નહીં રહે.માત્ર એક કારીગર એક સાથે 10 મશીન ઓપરેટ કરી શકશે.

નવા સમયમાં પ્રોડકશન ખર્ચ શક્ય એટલો ઘટાડવામાં આવે,પ્રોડકશનની ગુણવત્તા વધારવામાં આવે. ઓછા ખર્ચે વધુ ઝડપી કામ થાય એ જ સફળતાનો નવો કાર્યમંત્ર છે. મને પૂરો વિશ્વાસ છે કે STPL ના નવા સોઇંગ રોબોટના સાથમાં આપણો હીરા ઉદ્યોગ નવી ઊંચાઈઓ સર કરશે.

આવનારા સમયમાં રોબોટિક્સ અને ઓટોમેશન જ હીરા ઉદ્યોગને ધબકતો રાખી શકશે.એટલું સ્પષ્ટ છે કે અત્યારના સમયમાં હીરા ઉદ્યોગમાં ડિજિટલ સોલ્યુશન્સ મહત્વ પારખનારા ડાયમંડ પ્રોસેસર્સ,નવા વધુ સ્પર્ધાત્મક વિશ્વમાં બીજા કરતાં આગળ રહી શકશે. રોબોટિક્સ અને ઓટોમેશન્સને કારણે ઓછા સમયમાં,ઓછી જગ્યામાં અને ઓછા કારીગરો સાથે વધુ ઝડપથી,વધુ પ્રમાણમાં અને વધુ સારી ગુણવત્તાનું પ્રોડક્શન મેળવી શકાય છે.

STPL કંપનીએ ડાયમંડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીમાં ટેકનોલોજીસની વિસ્તૃત શ્રેણી તથા મૂલ્ય આધારિત અભિગમથી પોતાની આગવી અને અત્યંત મજબૂત ઓળખ ઊભી કરી છે. આજે સમગ્ર વિશ્વમાં ૨૫થી વધુ દેશો અને છ ખંડોમાં STPL ની 15000 ડાયમંડ પ્રોસેસિંગ ટેકનોલોજીસ કાર્યરત છે.

૧૯૯૩માં સ્થાપિત STPL હીરા ઉદ્યોગ માટે અત્યાધુનિક ટેક્નોલોજિકલ સોલ્યુશન્સ ડેવલપ કરે છે. આજે સમગ્ર વિશ્વના હીરા ઉદ્યોગમાં STPL એક માત્ર એવી કંપની છે જે ડાયમંડ એનાલિસિસ અને પ્લાનિંગ, ડાયમંડ કટિંગ,બ્લોકિંગ અને સેફ ડાયમંડ ટ્રેડિંગ સુધીની તમામ પ્રક્રિયાઓ માટે ટોટલ ટેક્નોલોજી સોલ્યુશન્સ વિકસાવે છે.

STPL નાં આધુનિક ટેકનોલોજિકલ સોલ્યુશન્સ લેસર ટેક્નોલોજીને આગળ ધપાવે છે અને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન સુનિશ્ચિત કરે છે. STPL કંપની ક્રિએટીવ અને ઇનોવેટિવ ટેલેન્ટ ધરાવે છે જે હીરા ઉદ્યોગમાં શ્રેષ્ઠતા લાવવાના લક્ષ્યને સમર્પિત છે.રોબોટ પ્લાનર પછી સોઇંગ રોબોટ પણ એ જ દિશામાંનું કંપનીનું વધુ એક મક્કમ પગલું છે.